**<u>નામદારશ્રી અધિક ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટ, ભુજ –કચ્છ.</u>**

**<u>ફોજદારી કેસ નં. ૭૭૨/૨૦૨૬</u>**

**ફરીયાદી..** **શ્રી સરકાર**

*વિરુધ્ધ*

**આરોપી..** **હરીભાઈ શામજીભાઈ કોલી**
ધંધો–મજુરી, ઉ.વ. ૨૮
હાલે રહે. જ શામજીભાઈની ગૌશાળામાં ચંચળવાળા હનુમાન મંદીર પાસે
જુનાવાસ, માધાપર, તા. ભુજ–કચ્છ
મુળ રહે. સોનારાવાસ, ટપ્પર, તા. મુંદરા–કચ્છ

**<u>આંક–૧ લગત હુકમ</u>**

આજ રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અન્વયે લીગલ સર્વિસ ઓથોરીટી ભુજ ધ્વારા યોજાયેલ સ્પેશિયલ લોક અદાલત સીટીંગમાં કામ હાથ ઉપર લીધું. આરોપીના વિધ્વાન વકીલશ્રી ધ્વારા વકીલાત પત્ર રજૂ કરી આરોપીની ઓળખાણ આપી હાજર થઈ આ ગુન્હાની કબૂલાત કરવા તૈયારી દર્શાવેલ છે. જેથી, લોક અદાલત સં બંધે સ્પેશિયલ સીટીંગમાં કબૂલાતને પાત્ર ગુનામાં કબૂલાત લેવાની હોય આ પ્રકારના ગુન્હામાં આરોપી કબૂલ કરવા માં ગતો હોય ત્યારે કબૂલાત સંબંધે સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીના વિધ્વાન વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે, આરોપીએ ગુનો સ્વેચ્છાએ કબૂલ કરેલ છે આરોપીનો આ પ્રથમ ગુનો છે, તથા તેઓ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. જેથી આરોપીને સજા કરતી વખતે રહેમ દ્રષ્ટી રાખવા અરજ ગુજારેલ છે. આરોપીના વિધ્વાન વકીલશ્રી ધ્વારા કરેલ ધારદાર રજૂઆતોને ધ્યાને લઈ, <u>નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. પેજ ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટરવભાઈ હરીચંદ્રજી ઠાકોર</u>ના રિપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરૂપના ગુનામાં આરોપીને કાયદાથી નકકી થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા ભોગવવાનો હુકમ કરી શકે તેવું જે ઠરાવ્યું છે. જે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા તથા આરોપીના વિધ્વાન વકીલશ્રીની ધારદાર રજૂઆતો તથા રજૂ કબૂલાત પુરશીસ ધ્યાને રાખીને નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આ કામના **આરોપી** ને **એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી)** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેકના **રૂા.૧,૧૦૦/– (અંકે રૂપિયા એક હજાર એકસો પુરા)** દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો **દિન–૦૨** ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય બાદ નિયમ મુજબ મુદામાલ રોકડ સરકાર ખાલસા કરવી તથા નોન વેલ્યુએબલ મુદામાલનો નાશ કરવો તેમજ આ સિવાયની વેલ્યુએબલ મુદામાલ મૂળ માલિકની ખરાઈ કરી પરત કરવો તેમજ જે મુદામાલ અંગે વચગાળાના હુકમ થયેલ હોય તે બીનશરતી કાયમ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી રાષ્ટ્રીય લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
ભુજ–કચ્છ

**(કે.સી.જોષી)**
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભુજ–કચ્છ (કોડ નં. જીજે૦૧૧૩૨)